# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ જ્યેષ્ઠ પૂર્ણિમા ❖ 15 જૂન 2011 ❖ વર્ષ – 12 ❖ અંક – 03 ❖ સળંગ અંક - 135


## ધમ્મવાણી

सच्चनामो जिनो खेमो सब्बाभिभू ।
सच्चधम्मो नत्थञ्ञो तस्स उत्तरि ।।
नेत्तिप्पकरणपालि सासनपट्ठानं – १२४

સત્ય જ જેનું નામ છે એટલે કે જેનું ચિત્ત સતત સત્યમાં જ સમાહિત રહે છે, તે (પાપધર્મોને જીતનારો) જિન છે, તે ખેમ (અભય) છે,સબ્બાભિભૂ (સર્વજેતા)છે, સચ્ચધમ્મ (સત્યધર્મા)છે, તેનાથી શ્રેષ્ઠ કોઈ નથી.

## ધર્મ શબ્દનો દુરૂપયોગ

ભારતમાં લગભગ દોઢ બે હજાર વર્ષોથી 'ધર્મ' શબ્દનો દુરૂપયોગ થવા લાગ્યો છે. દુર્ભાગ્યે તે સંપ્રદાયના અર્થમાં પ્રયુક્ત થવા લાગ્યો, જ્યારે કોઈ કહે છે કે અમુક ધર્મ, અમુક ધર્મ ત્યારે ખરેખર તો તેનો અભિપ્રાય એ જ હોય છે – અમુક સંપ્રદાય,અમુક સંપ્રદાય.

ધર્મ નથી હિંદુ હોતો કે ન બૌદ્ધ, ન મુસ્લિમ, ન ઈસાઈ, વ. એ બધા ભિન્ન–ભિન્ન સંપ્રદાયો છે. ધર્મ ભિન્ન–ભિન્ન નથી હોતો. ધર્મ તો અભિન્ન જ હોય છે, એક જ હોય છે. સંપ્રદાયો અલગ–અલગ હોય છે. અમુક–અમુક ધર્મના બદલે અમુક–અમુક સંપ્રદાય કહેવું ઉચિત ગણાય.

પુરાણા કાળમાં ધર્મનો અર્થ હતો ઋત એટલે કે કુદરતનો કાનૂન,વિશ્વનું વિધાન, નિસર્ગનો નિયમ, આદિ. જે બધા પર સમાન રીતે લાગુ પડે છે. ધર્મ શબ્દનો આ જ અર્થમાં આજે પણ ક્યારેક પ્રયોગ થતો જોવા મળે છે. જેમ કે અગ્નિનો ધર્મ છે બળવું અને બાળવું. અહીં ધર્મ શબ્દને કોઈ સંપ્રદાય સાથે કશી લેવા–દેવા નથી. બલ્કે ધર્મનો અર્થ છે કે નિસર્ગના નિયમોનો સ્વભાવ. તેને કોઈ કેમ કહી શકે કે આ હિંદુ અગ્નિ છે, આ બૌદ્ધ અગ્નિ છે, આ મુસ્લિમ, શીખ, પારસી કે ઈસાઈ અગ્નિ છે ? અગ્નિ અગ્નિ છે. તે જ રીતે બરફ બરફ છે. બરફનો ધર્મ છે શીતલ હોવું અને શીતલ કરવું. પ્રકૃતિના નિયમો અનુસાર તેનો એ સ્વભાવ છે. જે નિત્ય છે,શાશ્વત છે, સાર્વકાલિક છે, સાર્વભૌમિક છે.

એ જ રીતે જે વ્યક્તિના માનસમાં ક્રોધ જાગે છે, દ્વેષ દુર્ભાવના, ઈર્ષા, શત્રુતા આદિ જાગે છે ત્યારે તેના મન અને શરીરમાં બળતરા થવા લાગે છે, ધબકારા વધી જાય છે, તાણ પેદા થઈ જાય છે. તે વ્યકિત સંતાપિત થઈ જાય છે. આ બધા મનોવિકારો કે તેમના થકી ઉત્પન્ન થતો સંતાપ નથી હિંદુ,નથી બૌદ્ધ કે નથી જૈન, વ. મનોવિકારોનો એ જ સ્વભાવ છે. તેને મનોવિકારોનો ધર્મ કહે છે મનોવિકારોનો ધર્મ છે વ્યાકુળ કરવું. એ વાત સર્વજનીન છે. તેને કોઈ સંપ્રદાય સાથે કશો સંબંધ નથી.

સ્વતંત્ર ભારત સરકારે જે સંવિધાન બનાવ્યું તેમાં લખાયું કે આપણું સવિધાન અને આપણી રાજ્ય વ્યવસ્થા ધર્મ નિરપેક્ષ હશે. એટલે કે ધર્મ સાથે કશી લેવા દેવા નહિ હોય. કેટલી ખોટી વાત થઈ ! કોઈ પણ સારું રાજ્ય ધર્મનિરપેક્ષ શી રીતે હોય ? એ તો ધર્મ સાપેક્ષ હોય. સદાચરણને મહત્ત્વ આપનારું, દુરાચરણને નહીં. તેઓ કહેવા એમ માગતા હતા કે આપણું સંવિધાન સંપ્રદાય નિરપેક્ષ હશે, પરંતુ કહી બેઠા એમ કે ધર્મનિરપેક્ષ હશે. અંગ્રેજીના સેક્યુલર (Secular) શબ્દનો આ રીતે ખોટો અર્થ કરાયો.

શેઠ ગોવિંદદાસ હિંદીના વરિષ્ઠ સાહિત્યકાર હતા. તેમની સાથે મારે ઘનિષ્ઠ સંબંધો હતા.તેઓ ક્યારેક ક્યારેક મ્યંમા પણ આવતા. અંગ્રેજીમાં બનેલા સંવિધાનના હિંદી અનુવાદમાં તેમનો બહુ મોટો હાથ હતો. એટલે મેં આ તરફ એમનું ધ્યાન દોર્યું કે આ ભયંકર ભૂલ શી રીતે થઈ ? ત્યારે તેમણે સ્વીકાર કર્યો કે ખરેખર ભૂલ થઈ ગઈ ! આ શબ્દ સુધારવો પડશે. આગળ જતાં તેમણે સુધાર્યો પણ ખરો. ભારત આવ્યો ત્યારે મને ખબર પડી કે શ્રી એલ.એમ. સિંઘવીજી (સ્વ. લક્ષ્મીમલ સિંઘવીજી)ને પણ આ બહુ ખટક્યું અને તેમણે પણ સુધારવાની તજવીજ કરી આખરે 'ધર્મનિરપેક્ષ' શબ્દ બદલીને 'પંથનિરપેક્ષ' કર્યા. પરંતુ સચ્ચાઈ તો એ છે કે આજે પણ રાજનેતાઓ જ નહિ, સમાજના અન્ય નેતાઓ પણ ધર્મનિરપેક્ષ શબ્દનો પ્રયોગ કરતાં અચકાતા નથી.

'ધર્મ' શબ્દની સાથે કોઈ સંપ્રદાયવાદી વિશેષણ લાગી જવાથી ધર્મના અર્થનો અનર્થ થઈ જાય છે, આ સચ્ચાઈ જેટલી જલદી સમજાઇ જશે. તેટલું જલદી બધાનું કલ્યાણ થશે. ભગવાન બુદ્ધે 'ધર્મ' શબ્દ માટે એવું કોઈ વિશેષણ નથી વાપર્યું કે જેથી તે સંપ્રદાય બની જાય. એટલે જે વિશેષણ વાપર્યું તે હતું સત્ય'. એટલે ધર્મને એમણે સત્ય ધર્મ એટલે કે સદ્ધર્મ કહ્યો. નિર્સગના નિયમોની જે સચ્ચાઈ છે તે બધા માટે એક સરખી છે. એટલે સત્ય ધર્મ એટલે કે સદ્ધર્મ કહેવાથી કોઈ સંપ્રદાય ઊભો ન થઈ શકે. સદ્ધર્મમાં આખી શિક્ષા સત્ય પર એટલે કે પ્રકૃતિના નિયમોની સચ્ચાઈ પર આધારિત હોય છે. સદ્ધર્મની શિક્ષામાં કદી મિથ્યાત્વનું આરોપણ નથી થઈ શકતું. કલ્પનાના આધાર પર અંધમાન્યતાઓનું નિર્માણ નથી થઈ શકતું.

આ જ કારણે ભગવાન બુદ્ધને **'सच्चनाम'** કહીને સંબોધિત કરતા હતા. સચ્ચનામનો એક અર્થ છે. જેનું નામ જ સત્ય છે. વળી, ચિત્તને પણ નામ કહેતાં. અર્થાત **'सच्चनाम'** એ જેનું ચિત્ત સતત સત્યમાં જ સમાહિત રહેતું હોય. આ જ **सच्चनाम** આગળ જતાં 'સતનામ' કહેવાયું.

ભારતમાં જ્યારે ભક્તિમાર્ગનો પ્રસાર પ્રચૂર માત્રામાં થયો ત્યારે સંતોએ આજ **सतनाम** શબ્દ બનાવી દીધો, ઉદાહરણ તરીકે

**होत पुनीत जपै सतनामा, आपु तरै तारै कुल दोई । – कबीर दास**

**कहै दरिया सतनाम भजन बिनु, रोइ रोइ जनम गँवैहो । – दरिया साहेब**

**सतनाम की रटना करिकै, गगन मंडल चढि देखु तमासा । – जगजीवन साहेब**

છતાંય ક્યાંક ક્યાંક તે પોતાના સાચા અર્થમાં પણ મળી આવે છે,જેમ કે પ્રથમેશ ગુરૂ શ્રી નાનકદેવજીએ કહ્યું **'सतिनाम करता पुरुख'** અર્થાત જેનું નામ સત્ય છે અને તે કર્તા પણ છે. એટલે કે એ વ્યક્તિ જે પોતાના પૌરૂષપૂર્ણ પરાક્રમોના બળે **'सच्चनाम'** અવસ્થા પર પહોંચી હોય. આ અવસ્થા પર પહોંચીને તે નિર્ભય થઈ જાય છે, નિર્વૈર થઈ જાય છે. અર્થાત તેને કોઈ સાથે વેર નથી રહેતું ત્યારે નિર્ભય થઇ જાય છે. નથી પોતે કોઈને ભયભીત કરતો કે નથી પોતે કોઈથી ભયભીત થતો.

**अकाल मूरति** તે કાલરહિત છે એટલે કે અમર છે **अजूनी** તે યોનિમાં નથી આવતો એટલે કે તેનો પુનર્જન્મ નથી થતો **(नत्थिदानि पुनब्भवो'ति) गुरू प्रसादि** એટલે કે આ **सच्च धर्म** ગુરૂની કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

એટલે ગુરૂ નાનકદેવજીએ ધર્મના પંથે સત્યના આધારને જ મહત્ત્વ આપ્યું એમણે કેટલા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું – **किव सचियारा होईये, किव कूडै तुटै पालि ।**

સાધકે એવા સચિયારા બનવું જોઈએ કે હર કદમ સ્વાનુભૂતિની સચ્ચાઈ પર જ આધારિત હોય. તેના મન પરથી જૂઠનાં બધાં જ પડળ તૂટી જાય.

મુક્તિનો આ આખો માર્ગ સત્ય પર જ આધારિત છે, એટલે જ કહેવાયું–
**आदि सचु, जुगादि सचु, है भी सचु, नानक होसी भी सचु ।**

અર્થાત્ સાધનાનો આરંભ સત્યના આલંબનથી જ થાય અને આગળ વધતાં **है भी सचु** અર્થાત્ વર્તમાન સત્યને જ મહત્ત્વ અપાય. આ રીતે કદમ–કદમ સત્યના સહારે ચાલતાં ચાલતાં અંતે **होसी भी सचु** અર્થાત્ પરમ સત્ય સુધી પહોંચી જાય છે.

આ સત્યમાર્ગની સાધના માટે કેવળ ચિંતન–મનનના સહારે કશું નથી મળતું એટલે જ કહ્યું

**सोचै सोचि न होवई, जे सोची लखबार**

ચિંતન ભલે લાખ વાર કરે તો પણ પરમ સત્ય પ્રાપ્ત થતું નથી. આને જ ભગવાન બુદ્ધે પણ કહ્યું **'सुतञाण' (श्रुतज्ञान)** અર્થાત્ એ જ્ઞાન જે સંભળાવવામાં આવ્યું અને **चिंतनज्ञान** અર્થાત્ સાંભળીને તેના પર ચિંતન-મનન થયું. કેવળ આટલું જ કરી સેવાથી અંતિમ અવસ્થા પ્રાપ્ત નથી થતી. એક પંરપરા એ પણ રહી કે મૌન રહેવાથી અંતિમ અવસ્થા પ્રાપ્ત થઈ જશે. પરંતુ વાણી મૌન રહે તો પણ મન તો વાચાળ જ રહે છે. એમાં જાત-જાતના સંકલ્પ-વિકલ્પ ચાલ્યા જ રાખે છે.

એટલે ગુરુદેવ શ્રી નાનકદેવજી એ કહ્યું

**चुपै चुप न होवई जे लाइ रहा लिव तार ।**

ભગવાન બુદ્ધે પણ મનને જ મૌન રાખવાની સાધના શીખવી.

**भुखिया भुख न उतरी, जे बना पुरीआ भार ।** સાધનાની એક પરંપરા એ પણ ચાલી કે ભૂખ્યા રહો, શરીરને સૂકવીને સાંઠીકડા જેવું બનાવી દો, તેનાથી અંતિમ અવસ્થા પ્રાપ્ત થઈ જશે. બીજી પરંપરા એ કે ઠાંસીઠાંસીને ભરપેટ ખાઓ, મોજ-મસ્તી કરો પરંતુ ગમે તેટલું ખાય, ખાવાથી કોઈની ભૂખ નથી મટતી. જીવનભર ખાવાનો ક્રમ તો ચાલતો જ રહે છે.

ભગવાન બુદ્ધે પણ કહ્યું છે કે સાધક **भतमतञ्ञू** અર્થાત્ ભોજનની માત્રા જાણનારો હોવો જોઈએ. અર્થાત ન વધારે ભોજન, ન ઓછું ભોજન.

**सहस सिआणपा लख होहि, त इक ना चलै नालि ।**

– કોઈ ભલે લાખ શાણપણ દેખાડે, એમાંનુ કશું પણ પેલી (મુકત) અવસ્થા સુધી નથી પહોંચાડી શકતું. કેવળ બુદ્ધિના સ્તર પર કોઈ અંતિમ અવસ્થા પ્રાપ્ત નથી કરી શકતું.

એ અવસ્થા સુધી પહોંચવા માટે જે વિધિ છે, તેને ભારતમાં મહાન સંત આ રીતે સમજાવે છે

**हुकमि रजाई चलणा, नानक लिखिया नालि ।..**

સત્યના એટલે કે નિસર્ગના નિયમો અનુસાર ચાલવું એ સત્યરૂપી ઈશ્વરનો આ જ હુકમ છે. અર્થાત્ આ જ તેની આજ્ઞા છે, એની રજા છે, તેની ઈચ્છા છે જેને સ્વાનુભૂતિ દ્વારા જ જાણી શકાય છે. આ **हुकमि** અને આ **रजा** કોઈ પુસ્તકમાં અથવા પ્રવચનોમાં નહિ મળે. એ તો આપણી ભીતર જ લખાયેલી છે, જે અનુભૂતિ દ્વારા જ પ્રાપ્ત થાય છે.

ગુરુદેવ શ્રી નાનકજીએ એ પણ કહ્યું.

**हुकमै अन्दरि सभु को, बाहरि हुकम न कोई ।**

આ **हुकमि** અને **रजा** દરેક વ્યક્તિની ભીતર જ લખાયેલી છે. તેને બહાર ખોળવી નિરર્થક જ છે. તેને સ્વાનુભૂતિ દ્વારા સમજીને જ આગળ વધવાનું છે. સઘળું એ સત્યના જ હુકમની અંદર છે, તેના હુકમની બહાર કશું નથી. અર્થાત સત્યનિયમોની ભીતર જ બધુંછે, બહાર કશું નથી,

મુક્તિની આ સાધના શીખનારા લોકોને મહાન સંતોએ **सिक्ख** કહ્યા ભગવાન બુદ્ધે પણ આવી વિદ્યા શીખનારાઓને **सेक्ख** કહ્યા.

**नानक हुकमै जे बुझै त हउमै कहै न कोइ ।**

સંતનાનકજી કહે છે કે આ હુકમને જ્યારે કોઈ અનુભવ દ્વારા સમજી લે છે ત્યારે તેનો અહંકાર અર્થાત્ ''હું, મારું'' કહેવાનું છૂટી જાય છે, પૂર્ણ રીતે નષ્ટ થઈ જાય છે.

**हउमै एहा जाति है हउमै करम कमाहि ।**

**हउमै एई बंधना फिरि फिरि जोनी पाहि ।।**

અહંકાર જ કર્મ ઉત્પન્ન કરે છે, અહંકાર જ જન્મ છે, જાતિ છે. અહંકાર જ એવું બંધન છે જે વારંવાર કોઈને કોઈ યોનિમાં જન્મ આપે છે–આગળ કહ્યું

**हउमै दीरघ रोगु है दारू भी इसु माहि ।**

અહંકાર બહુ ભયંકર રોગ છે, પરંતુ દારુ (દવા) અર્થાત મુક્તિનો માર્ગ પણ તેમાં જ નિહિત છે. અર્થાત્ સ્વયં અનુભૂતિ દ્વારા જાણી લેવાથી ખૂબ સમજાઈ જાય છે કે મુક્ત થવાની દવા તેમાં જ (આપણી ભીતર જ) સમાયેલી છે.

**एह माइआ मोहणी जिनि एतु भरमि भुलाईआ ।**

'હું-હું' ની માયા જ એક એવી મોહિની છે, જેના ભ્રમમાં ભ્રાંતિમાં લોકો સચ્ચાઈને ભૂલી જાય છે.

અને કહ્યું –

**असंतु अनाडी कदे न बूझै, कथनी करे तै माइआ नालि लूझै**

જે સંત નથી, અનાડી છે તે કદિ સમજવા નથી પામતા. તે કરણી નહિ, કેવળ કથની જ કરે છે. અને માયાની સંગતમાં બધા સાથે ઝઘડતો જ રહે છે.

**मनु माइआ में उरझि रहिओ है, बूझै नहि कछु गिआना ।**

માયાની જાળમાં મન એટલું અટવાઈ રહે છે કે તેને કોઈ સચ્ચાઈનું જ્ઞાન સમજમાં જ નથી આવતું તેથી જ કહ્યું

**जिना पोतै पुन्नु ति हउमै मारी ।**

જેમણે સ્વયં સત્ય જાણવાનું પુણ્ય અર્જિત કર્યું તેમણે જ પોતાનો અહંકાર નષ્ટ કર્યો.

**सबदे ऊचो ऊचा होइ । नानक साचि समावै सोइ ।।**

સાચો અને ઊંચો કલ્યાણકારી શબ્દ એ જ છે જેને સાંભળી સમજીને સાધક સત્યમાં સમાહિત થઈ જાય છે.

**नानक माइआ मोह पसारा, आर्ग साथि न जाई ।**

ગુરુદેવ નાનકજી કહે છે કે માયાએ એટલી મોહજાળ ફેલાવી છે કે લોકો તેના જ ભ્રમમાં પડ્યા રહે છે અને નથી સમજતા કે તે અંતિમ અવસ્થા સુધી સાથે નહિ આવે.

એ સત્યપ્રેમી મહાન સંતે વાસ્તવિક સત્ય જાણવાની વિધિ પણ દેખાડી. જેમ ભગવાન બુદ્ધે કહ્યું કે પોતાની ભીતર જે ક્ષણે જે યથાભૂત સત્ય છે તેને જ જાણો અનુભવ કરો. સત્ય યથાકૃત ન હોય, યથાઆરોપિત ન હોય, યથાકલ્પિત ન હોય. આ જ વિધિને આ મહાન સંતે આ શબ્દોમાં સમજાવી

**थापिआ न जाइ, कीता न होइ । आपे आपि निरंजनु सोइ ।।**

પોતાની ભીતર ક્ષણ-પ્રતિક્ષણ જે સત્ય પ્રગટ થાય છે, તેના પર કોઈ કાલ્પનિક માન્યતાઓનું આરોપણ ન કરો કે કોઈ બનાવટી સત્યનું નિર્માણ ન કરો (Neither imposed truth nor created truth) આરોપિત કે નિર્મિત નહીં. બલ્કે જે વાસ્તવિક સત્ય ક્ષણ-પ્રતિક્ષણ પોતાની ભીતર આપોઆપ પ્રગટ થાય છે, તે જ **सच्चनाम** છે જેનો કોઈ આકાર નથી, કોઈ કાલ્પનિક આકૃતિ નથી એટલે તેને **निरंजनु** કહ્યું

પોતાની ભીતર શરીર અને ચિત્તની સચ્ચાઈને તટસ્થભાવે જોવાથી સ્વાનુભૂતિ દ્વારા સ્પષ્ટ સમજાઈ જાય છે કે શરીર અને ચિત્તનો પ્રપંચ અનિત્ય છે, નશ્વર છે, ભંગુર છે, પ્રતિક્ષણ ઉદય થાય છે નષ્ટ થાય છે. જે અનિત્ય છે તે નથી હું, નથી મારું કે નથી મારો આત્મા.

માયાના ભ્રમમાં (સાધક) તેને જ 'હું' 'મારું' માનીને અટવાઈ જાય છે. પરંતુ જ્યારે શરીર અને ચિત્તના આ સત્ય સ્વભાવને અનુભૂતિ દ્વારા સમજે છે ત્યારે ન તો રાગ જાગવા દે છે, ન દ્વેષ કે ન 'હું-મારું'નો મિથ્યાભાવ. આમ અહંકારશૂન્ય બની જાય છે ત્યારે માયાની જંજાળમાંથી મુક્ત થવાના કારણે પરમ સત્ય પ્રાપ્ત કરી લે છે. મુક્તિનો આખો માર્ગ સત્ય પર જ આધારિત છે. સત્ય જ શ્રેયસ છે અને સત્ય જ અજર છે, અમર છે. સત્યના નિયમો હંમેશા એકસમાન જ બની રહે છે. તે કોઈની કૃપાથી બદલતા નથી. એટલે સત્યને શ્રેયસ પણ કહ્યું અને અકાલ પણ.

બાળપણમાં ખાલસા સ્કૂલમાં ભણતાં ત્યારે અમે અમારા સાથીઓને **सत – सिरि – अकाल** કહીને નમન કરતાં, ત્યારે તો તેનો અર્થ એજ સમજતાં કે જેમ કોઈ પરંપરામાં **प्रणाम** કહેવાય છે કોઈમાં **नमस्ते** એ જ રીતે આ સદ્ગુરુઓની પરંપરામાં **सत – सिरि – अकाल** કહેવામાં આવે છે. હકીકતમાં સત્ય જ શ્રેયસ છે. અકાલ છે. એટલે જ **सत – सिरि – अकाल** નો પ્રયોગ કરવામાં આવે છે. આગળ જતાં તેનો આ સાચો અર્થ સમજીને મારું મન ખૂબ જ પ્રસન્ન થયું

આવા સત્ય માર્ગ પર ચાલનારો સાધક પોતાની ભીતર શરીર અને ચિત્તના સંપૂર્ણ **सचखंड** ની અનુભૂતિ કરે છે જેનાથી તેના વિકારો નીકળી જાય છે, ચિત્ત નિર્મળ બની જાય છે, એટલે તેને **खालसा** કહેવામાં આવ્યો તેથી દસમેશ ગુરુ ગોવિંદસિંહજીએ કહ્યું

**खालिस ताहि नखालिस जानै ।**

જે **निखालिस** એટલે કે પૂર્ણ સત્યને જાણી લે છે એ નિર્મલચિત્ત વ્યકિત જ **खालसा** કહેવાય છે. તે ભલે ગમે તે જ્ઞાતિ, ગોત્ર કે વર્ણની હોય.

આવા નિર્મળચિત્ત ખાલસાનું નિર્માણ કરનારા ગુરુ જ સદ્ગુરુ હોય છે અને એજ કારણે તેની વિપુલ પ્રશંસા –પ્રશસ્તિ થાય છે. વાહ વાહ થાય છે અને એ જ કારણે તે 'વાહગુરુ' કહેવાય છે. એવા વાહગુરુનો સદા જયજયકાર જ થાય છે. જેણે પવિત્ર શિષ્યો (ખાલસા) તૈયાર કર્યા તેથી એ યોગ્ય જ કહેવાયું કે

**वाहगुरू जी का खालसा, वाहगुरू जी की फतेह ।**

ધન્ય છે આવા ખાલસા સિક્ખ **(सेक्ख)** જે **आदि सचु जुगादि सचु, है भी सचु, नानक होसी भी सचु** ના સત્ય ધર્મ (સદ્ધર્મ) ના પંથ પર ચાલતાં ચાલતાં પોતાનું મંગલ સાધે છે. એવા સત્યથ પર જે પણ ચાલે તે નિહાલ જ થઈ જાય છે. તેનું મંગલ જ થાય છે.

મંગલમિત્ર

**સ.ના. ગોયન્કા**

જૂના સાધકોનો સેમિનાર
તા. ૩૦ જુલાઈ ૨૦૧૧ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૩૧ જુલાઈ ૨૦૧૧ સાંજે ૪ વાગ્યા
સુધી રહેશે. શક્યતઃ તા. ૨૯ જુલાઈ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો
અન્યથા મોડામાં મોડું તા. ૩૦ જુલાઈ
સવારે ૧૦ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું
મોકલી આપવા વિનંતી.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૩૦-૭-૧૧ સવાર થી તા. : ૩૧-૭-૧૧ સવાર સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ______________________

ઉંમર : __________ પુરુષ/સ્ત્રી : __________ શિક્ષણ : __________

સરનામું : ______________________

______________________

______________________

ફોન : __________ મોબાઇલ : __________ ઈ-મેઇલ : __________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : __________

હોદ્દો : __________ ધંધાની વિગત : __________

# ધમ્મ સેવક/સેવિકા/ટ્રસ્ટી/સી.સી.ટી/જૂના સાધકોનું સંમેલન, ૨૦૧૧

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતા જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના બહુજન હિતાય બહુજન સુખાય અર્થે ધર્મ પ્રસારના મિશનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે આગળ વધવાનો અવસર પ્રદાન કરે છે. सब्ब दानं जीनाती. धम्म दानं जीनाती

ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઈ રહ્યું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિતની સાથે અનેકોના હિત સુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે.

આ સંમેલન તા. ૩૦-૭-૨૦૧૧, શનિવારે સવારે ૧૦ વાગ્યાથી તા. ૩૧-૭-૨૦૧૧, રવિવાર સાંજે ૪ વાગ્યા સુધી યોજેલ છે.

બહારગામના સાધકોને તા. ૨૯-૭-૨૦૧૧ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૨૯-૭-૨૦૧૧ સાંજે સાત વાગે તેમ જ તા. ૩૦-૭-૨૦૧૧ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સીટી ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

આ સંમેલનનો લાભ ઉઠાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

**ચિંતન મનન માટેના વિષયો :-**

૧. વધુ ને વધુ લોકોને ધર્મની જાણકારી કઈ રીતે મળી શકે.
૨. સૌરાષ્ટ્રના અલગ અલગ સ્થાનો પર જિપ્સી શિબિરોનું આયોજન.
૩. જૂના સાધકોને પ્રેરણા મળે/પ્રગતિ માટે ચિંતન કરવું.
૪. ધર્મ સેવાનો લાભ કેન્દ્ર પર અન્યત્ર કઈ રીતે લઈ શકાય.

## ધમ્મકોટ પર તા. ૨૯-૬-૧૧ થી ૧૦-૭-૧૧ ૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિર-સ્થાન પરિવર્તન

ઉપર્યુક્ત શિબિર માટે રજિસ્ટ્રેશન કરાવેલ સાધકો ધમ્મપીઠ, રનોડા કેન્દ્ર પર શિબિરનો લાભ લઈ શકે છે.

તા. ૨૯-૬-૧૧ થી ૧૦-૭-૧૧ વાળી નિયમિત ૧૦ દિવસીય શિબિર ધમ્મકોટ - રાજકોટ પર ચાલુ રહેશે.

## ધમ્મકોટ પર તા. ૨૯-૭-૧૧ ના રોજ ધમ્મસેવકોની કાર્યશાળા

તા. ૨૯-૭-૧૧ સવારે ૧૦-૦૦ થી તા. ૩૦-૭-૧૧ સવારે ૧૦-૦૦ દરમ્યાન ધમ્મકોટ પર ધમ્મસેવકો માટેની કાર્યશાળાનું આયોજન કરાયેલ છે.

સંપર્ક : રાજકોટ સિટિ ઓફિસ / ધમ્મકોટ કેન્દ્ર

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| **સતિપટ્ઠાન શિબિરો** | | | |
| | 05-07-11 to 13-07-11<br>12-11-11 to 20-11-11 | | 17-09-11 to 25-09-11 |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| | 24-08-11 to 04-09-11 | 29-06-11 to 10-07-11 | 14-12-11 to 25-12-11 |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસ)<br>18-09-11 to 09-10-11<br>(૩૦ દિવસ)<br>08-09-11 to 09-10-11 | (૨૦ દિવસ)<br>14-07-11 to 04-08-11<br>(૩૦ દિવસ)<br>04-07-11 to 04-08-11<br>24-11-11 to 25-12-11<br>(૪૫ દિવસ)<br>24-11-11 to 09-01-12 | | (૨૦ દિવસ)<br>17-07-11 to 07-08-11 |

કુલ કેટલી શિબિર કરી ? : ______________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ______________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઈચ્છો છો? ______________________

______________________

કોઈ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? __________

______________________

તારીખ : ______________ સહી : ______________

## ગુરુપૂર્ણિમાના અવસરે ગ્લોબલ પગોડા પર તા. ૧૭ જુલાઈના રોજ પૂ. ગુરુજીના સાંનિધ્યમાં એક દિવસીય શિબિર

ઉપર્યુક્ત એક દિવસીય શિબિરમાં જોડાવા માટે સૌરાષ્ટ્રના સાધકો માટે તા. ૧૬ જુલાઈના રાજકોટથી સૌરાષ્ટ્ર મેઈલમાં એક કોચનું બુકિંગ કરવામાં આવેલ છે. તા. ૧૭મી એ સાંજે શિબિર સમાપન બાદ સૌરાષ્ટ્ર મેઈલમાં પરત આવવાનું થશે.

જે સાધક ભાઈ - બહેનોને આ સુવિધાનો લાભ લઈ ગુરુપૂર્ણિમાની એક દિવસીય શિબિરનો પૂ. ગુરુજીના સાંનિધ્યમાં લાભ ઉઠાવવો હોય તેઓ તુરંત વ્રજલાલ વેકરીયા (મો. : ૯૪૨૯૦ ૯૮૩૩૭) નો સંપર્ક કરે. જેઓ આ સુવિધાનો લાભ ન લેવા માગતા હોય તેઓ જાતે પોતાનું બુકિંગ કરાવી શકે છે.

## ગાંધીધામ ખાતે જૂના સાધકો માટે ૧ દિવસીય સેમિનાર

તા. ૨૬-૬-૨૦૧૧, રવિવાર સમયાવધિ : સવારે ૮ થી સાંજે ૬-૩૦. સ્થળ : ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ, ચેમ્બર ભવન, પ્લોટ ૭૧, સેક્ટર-૮, ઓસ્લો સિનેમા પાસે, સંપર્ક : કિશોરભાઈ રાણવાલા - ૯૪૨૭૨ ૦૯૦૦૧, પ્રિયા કુમઠેકર - ૯૦૯૯૪ ૯૧૦૪૪.

સાધકોને સાધના માર્ગમાં પુષ્ટ થવા જરૂરી માર્ગદર્શન તેમ જ પ્રોત્સાહન મળી રહેશે. તો સર્વે સાધક ભાઈ-બહેનો સેમિનારનો લાભ લે.

અંતિમ સત્ર સાંજે ૫-૩૦ થી ૬-૩૦ વિડિયો પ્રવચનનું છે. જેમાં સાધકો પોતાના પરિવારજનો / મિત્રોને અવશ્ય લાવે તેવો અનુરોધ છે.

## દોહા ધરમના

ધર્મ ન હિંદૂ બૌદ્ધ હૈ, ધર્મ ન મુસ્લિમ જૈન ।
ધર્મ ચિત્ત કી શુદ્ધતા, ધર્મ શાંતિ-સુખ ચૈન ॥

સંપ્રદાય ના ધર્મ હૈ, ધર્મ ન બને દિવાર ।
ધર્મ સિખાયે એકતા, મનુજ મનુજ મેં પ્યાર ॥

ધર્મ સદા મંગલ કરે, ધર્મ કરે કલ્યાણ ।
ધર્મ સદા રક્ષા કરે, ધર્મ બડા બલવાન ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

ધર્મ હમારા બંધુ હૈ, સખા સહાયક મીત ।
ચલેં ધર્મ કી રીત હી, રહે ધર્મ સે પ્રીત ॥

સત્યધર્મ સે ટૂટતી, સંપ્રદાય દીવાર ।
જો ધારે ઉસકે લિએ, ખુલેં મુકિત કે દ્વારા ॥

અપને અપને કર્મ કે, હમ હી તો કરતાર ।
અપને સુખ કે દુઃખ કે, હમ હી જિમ્મેદાર ॥

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧–બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 15 જુન 2011** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

**Weighs less than 10 gms**
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org